પ્રકરણ - (૪)

વિભાવ :

ભરતમુનિએ, નાટ્યશાસ્ત્રના સાતમાં અધ્યાય 'ભાવાધ્યાય'માં વિભાવનું સ્વરુપ સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે -

વિભાવો નામ વિજ્ઞાનાર્થ: । વિભાવ: કારણં નિમિત્તં હેતુંરિતિ પર્યાયા: । વિભાવ્યતેઅનેન વાક્ અંગ સત્વાભિનય ઇતિ વિભાવ: । યથા વિભાવિતં વિજ્ઞાતમિત્યનર્થાન્તરમ્ ।

અધ્યાય -૭

(તેનાથી નાટ્યના) અર્થનું વિશેષરુપે જ્ઞાન થાય છે ( માટે તે) વિભાવ, વિભાવ, કારણ, નિમિત્ત, હેતું એ પર્યાયો છે. વાણી, અંગ અને સત્વ એ ત્રણેના અભિનયો, તેના વડે વિશેષ રુપે જ્ઞાન થાય છે તેથી એ વિભાવ કહેવાય છે. વિભાવિત અને વિજ્ઞાતના અર્થમાં કશો ભેદ નથી.

વિભાવ સંબંધી પરંપરાપ્રાપ્ત શ્લોક નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે

બહવોર્થા વિભાવ્યન્તે વાગંગાભિનયાશ્રયા : ।
અનેન યસ્માત્તેનાયં વિભાવ ઇતિ સંજ્ઞિત: ॥

(અધ્યાય ૭ શ્લોક ૪)

વાણી અને અંગનો અભિનય ઉપર આધારિત એવા ઘણાં અર્થોનું એનાથી જ્ઞાન થાય છે તેથી એને વિભાવ કહે છે.

અન્યત્ર તેમણે રતિ નામક પ્રમોદાત્મક ભાવને ઋતુ, માળા અનુલેપન, આભરણ ઇત્યાદિ વિભાવથી ઉત્પન્ન કહયો છે.

આમ ભરતમુનિના મતે વાચિક, આંગિક અને સાત્વિક અભિનયોનું વિભાજન કરવાનું આધારભુત સાધન વિભાવ છે. તેમજ રતિ વિગેરે સ્થાયી ભાવોના ઉત્પાદક કારણ-ઋતુ, માળા, આભુષણ વિગેરે ઉપકરણ પણ વિભાવ છે અર્થાત નાટકના અભિનેતાને પાત્રો તથા સ્થાયી ભાવોને સાકાર કરવામાં સહાયક સમસ્ત ઉપાદાન વિભાવ કહેવાય છે. આ અંગે વિસ્તૃત ચર્ચા 'ભરતમુનિની દૃષ્ટિએ વિભાવનું સ્વરુપ' શિર્ષક અંતર્ગત કરવામાં આવી છે.

આચાર્ય અભિનવગુપ્તે સહૃદયગત સ્થાયી ભાવના ઉદ્ભવ હેતું અથવા વિષયરુપે વિભાવનો ઉલ્લેખ કર્યો છે.

દશરુપકકારે જ્ઞાના વિષયીભુત એવા ભાવનું જ્ઞાન કરાવનારા તથા ભાવને પરિપુષ્ટ કરનારાને વિભાવ તરીકે ઓળખાવ્યા છે. આચાર્ય ધનિકે ભર્તૃહરિનો મત ટાંકી જણાવ્યું છે કે વિભાવ સાધનરુપ છે. કાવ્યાનુશાસનમાં 'વિશિષ્ટતયા જ્ઞાયન્તે યૈર્તે વિભાવ:' કહેવામાં આવ્યું છે. નાટ્યદર્પણમાં ભાવોના લોકસિધ્ધ યથાસંભવ કારણોને વિભાવ કહયા છે. સાહિત્યદર્પણ અનુસાર લોકમાં જે કારણ કહેવાય તે કાવ્ય નાટકમાં વિભાવ કહેવાય છે. રસાર્ણવસુધાકરમાં શિંગભૂપાલે વિભાવને 'રસજ્ઞાપન'ના કારણો કહયા છે. આચાર્ય મમ્મટે પણ વિભાવોને કારણ સંજ્ઞા આપી છે.

ભાવપ્રકાશનકાર શારદાતનયે કાવ્ય અર્થનું વિભાવન (વિજ્ઞાન) કરાવે તેને વિભાવ કહયા છે. રસગંગાધરકાર પંડિતરાજ જગન્નાથના મતે વિશેષરુપથી રત્યાદિ ભાવને આસ્વાદ-અંકુર-યોગ્યતા પ્રાપ્ત કરાવનારા હોવાને લીધે તેને વિભાવ કહયા છે.

ગુજરાતી વાઙ્.મયના રસમીમાંસકો પૈકી 'રસશાસ્ત્ર'ના કર્તા છોટાલાલ નરભેરામ ભટ્ટના મતે રતિ આદિ સ્થાયીભાવને જાગ્રત કરનારા ભાવોને કાવ્ય અને નાટકમાં યોજ્યા હોય ત્યારે તે વિભાવ કહેવાય છે. રસને વિશેષ કરીને, ભાવના આપવાપણું એટલે શોભાવવાપણું એનામાં છે માટે એને 'વિભાવ' નામ આપ્યું છે. રતિ આદિક ભાવોને વિશેષ કરીને ભાવના આપનાર-આસ્વાદના અંકુરને પ્રકટ થવાને યોગ્ય કરનાર તે વિભાવ કહેવાય છે.

શ્રી રામપ્રસાદ બક્ષીના કથન અનુસાર ભાવની ઉત્પત્તિનું જે કારણ હોય, જેના કારણે અને જેના પ્રત્યે ભાવની ઉત્પત્તિ અને અનુભૂતિ થાય એને અને જે સ્થળસમયના સંજોગો એ ભાવની ઉત્પત્તિમાં અને અનુભૂતિમાં ઉત્તેજનનું કાર્ય કરે એ બંને કારણોને સાહિત્યમાં 'વિભાવ' એવા નામે ઓળખવામાં આવે છે. (મનીષા નાટ્યરસ અંક પૃ.૧૩)

શ્રી જયોતીન્દ્ર હ.દવેના કથન અનુસાર 'વિભાવની પુર્વે જ ભાવ ઉત્પન્ન થયેલો હોય છે. વિભાવ એને અગ્નિને પવન કરે તેમ માત્ર પ્રજ્વલિત કરે છે. એને આપણે Excitant Cause અથવા Stimulant કહી શકીએ એ ભાવને ઉત્પન્ન કરતું નથી, ફક્ત ઉત્પન્ન થયેલા ભાવને વધુ ઉશ્કેરે છે. એટલુંજ નહીં જયાં ભાવ સંચલન થયુંજ હોય ત્યાં એ કંઇ પણ કરી શકતું નથી '' (વાઙ્.મયચિંતન પૃ.૪૪)

શ્રી નગીનદાસ પારેખના મતે વિભાવનું કાર્ય ભાવ જગાડવાનું નહિ પણ તે તે ભાવની ચર્વણા જગાડવાનું છે. (પરબ અંક ઓક્ટોબર ૧૯૭૪)

શ્રી પ્રમોદકુમાર પટેલ ભરતમુનિએ આપેલી પરિભાષાનું પુનરાવર્તન કરતાં જણાવે છે કે '' ભાવનો જે બોધ કરાવે તે વિભાવ. વિભાવ એટલે ભાવનું કારણ, નિમિત્ત કે હેતુ.. વાચિક , આંગિક અને સાત્વિક અભિનયો દ્વારા ચિત્તવૃત્તિઓનું વિશેષ રૂપમાં વિભાવન કે જ્ઞાપન કરાવનાર કારણ કે હેતુ તે વિભાવ. તાત્પર્ય કે, કાવ્ય નાટિકાદિમાં રજુ થયેલા વિભિન્ન ભાવોને અને એના સમગ્ર ભાવસંકુલને બોધિત કરી આપનાર, તેને પ્રકાશિત કરી આપનાર પાત્ર કે પદાર્થને વિભાવ તરીકે ઓળખવામાં આવે છે. ભાવના પ્રાકટયમાં વિભાવ એ રીતે, કારણ, નિમિત્ત કે હેતું માત્ર છે. વ્યવહાર જગતમાં વ્યકિતને અન્ય વ્યકિત, પદાર્થ કે પરિસ્થિતિના આઘાતરૂપે જુદી જુદી લાગણીઓનો અનુભવ થતો હોય છે. એ રીતે એના ચિત્તમાં જાગતી અમુક લાગણી માટે અમુક પાત્ર કે પદાર્થ કારણભુત જણાય છે. સાહિત્યમાં નિરુપાયેલી લાગણીઓ માટે કારણભુત પાત્રો કે પદાર્થોને વિભાવ જેવી વિશિષ્ટ સંજ્ઞા આપવામાં આવી કેમ કે વ્યવહારજગતથી સાહિત્યનું જગત સ્વરુપત: ભિન્ન સંભવે છે. સાહિત્યસૃષ્ટિનાં પાત્રો અને પદાર્થો લૌકિક ભુમિકાથી જુદી ભુમિકાનાં હોય છે.''

(રસસિધ્ધાન્ત એક પરિચય - પૃ.૧૭)

આમ ભરતોત્તર કાળના આચાર્યોએ ચિત્તવૃત્તિરુપ સ્થાયી-સંચારી ભાવની ઉત્પત્તિના કારણોને અથવા એ ભાવોને પ્રજ્વલિત કરનાર કારણોને, સાહિત્યજગતને વ્યવહારજગતથી અલગ તારવવા વિભાવ એવી વિશિષ્ટ સંજ્ઞા આપી છે.

## 'વિભાવ'ના પ્રભેદો

સંસ્કૃત આચાર્યોએ 'વિભાવ'ના બે પ્રભેદ માન્યા છે (૧) આલંબન વિભાવ અને (૨) ઉદ્દીપન વિભાવ.

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં કયાંય આલંબન વિભાવ કે ઉદ્દીપન વિભાવ એવા ભેદ પાડયા નથી. એવા ભેદ તો ભરતોત્તર કાળના આચાર્યોએ પાડયા છે.

આચાર્ય અભિનવગુપ્તે કાવ્યગત વિભાવના આલંબન અને ઉદ્દીપન બે ભેદ સ્વીકાર્યા છે.

દશરુપકમાં વિભાવના બે ભેદ પાડવામાં આવ્યા છે (૧) આલંબન (૨) ઉદ્દીપન. ધનિકની ટીકા અનુસાર નાયક નાયિકા આલંબનરુપ તથા દેશકાળના પરિબળો ઉદ્દીપનરુપ વિભાવ છે.

સાહિત્યદર્પણમાં પણ વિભાવના બે ભેદ દર્શાવવામાં આવ્યા છે (૧) આલંબન (૨) ઉદ્દીપન. તેમાં આલંબન વિભાવ નાયક આદિ હોય છે કારણ તેનો આશ્રય લઈ રસની નિષ્પત્તિ થાય છે.

ભાવપ્રકાશનમાં પણ વિભાવનું આલંબન અને ઉદ્દીપન એવા બે ભેદ પાડવામાં આવ્યા છે. રસાનુભુતિની સિદ્ધિ માટે બંને આવશ્યક માનવામાં આવ્યા છે. ભાવપ્રકાશનકારે શૃંગારાદિ રસોના ક્રમશ: લલિત, લલિતાભાસ, સ્થિર, ચિત્ર, ખર, રુક્ષ, નિન્દિત તથા વિકૃત નામવાળા વિભાવ ગણાવ્યા છે.

રસતરંગિણીમાં જે રસને ઉદ્દીપ્ત કરે તેને ઉદ્દીપન વિભાવ કહયા છે અને પ્રત્યેક રસના પૃથક્ પૃથક્ ઉદ્દીપન વિભાવ હોવાનું જણાવાયું છે. રસતરંગિણીમાં જેનું અવલમ્બ અથવા સહારો (આશ્રય) લઈ રસ ઉત્પન્ન થાય તેને આલમ્બન વિભાવ કહયો છે અને પ્રત્યેક રસના પૃથક્-પૃથક્ આલંબન વિભાવ હોવાનું જણાવાયું છે.

ગુજરાતી વાઙ્.મયમાં આધુનિક રસમીમાંસકોએ પણ વિભાવના આલંબન અને ઉદ્દીપન એવા બે ભેદ સ્વીકાર્યા છે.

શ્રી છોટાલાલ નરભેરામ ભટ્ટના મતે નાયક નાયિકા પ્રતિનાયિકા વિગેરે આલંબન વિભાવ કહેવાય છે, કેમ કે બહુધા નાયક આદિનું અવલંબન કરીનેજ રસ પ્રકટ થાય છે. ઘણું કરીને આલંબન વિભાવ માનવી સ્ત્રી પુરુષ છે. શ્રી ભટ્ટના કથન અનુસાર રસને દીપાવે તેવા વર્ણનને ઉદ્દીપન વિભાવ કહે છે અને ઉદ્દીપન વિભાવના ત્રણ વર્ગ બાંધી શકાય (૧) આલંબન વિભાવની ચેષ્ટાઓ અને તેની સાથે રુપ, અલંકાર વિગેરે જે વગર ચેષ્ટાએ ચેષ્ટારુપ છે તે (૨) રસને અનુકુળ સમય તથા (૩) રસને અનુકુળ સ્થળ.

શ્રી રામપ્રસાદ બક્ષીના મતે જેના કારણે અને જેના પ્રત્યે ભાવની ઉત્પત્તિ અને અનુભૂતિ થાય એને આલંબન વિભાવ તથા જે સ્થળ સમયના સંજોગો એ ભાવની ઉત્પત્તિમાં અને અનુભૂતિમાં ઉત્તેજનનું કાર્ય કરે તેને ઉદ્દીપન વિભાવ કહે છે. સિંહને જોઇને ભય ઉપજે છે ત્યારે સિંહ એ ભયનું આલંબન છે, નિબિડ વન અને અંધકાર એ ભયની ઉત્પત્તિમાં સહાયક બને ત્યારે એ પરિસ્થિતિ ભયવૃત્તિનું ઉદ્દીપન છે.

શ્રી જ્યોતીન્દ્ર હ. દવેના કથન અનુસાર આલંબન વિભાવ એટલે જેના પ્રત્યે નાયક, નાયિકા આદિ ભાવ અનુભવે તે વ્યકિત, ભાવ માટેનું પાત્ર-આશ્રયસ્થાન. દા.ત. શકુંતલા દુષ્યંત માટે અને દુષ્યંત શકુંતલા માટેના આલંબન વિભાવ ગણાય. ઉદ્દીપન વિભાવ એટલે જેને લીધે, જેના દર્શન-શ્રવણ આદિથી અંતરમાં જાગેલો ભાવ ઉદ્દીપ્ત થાય તે બાહ્ય કારણો. દા.ત. શકુંતલા માટેની દુષ્યન્તની રતિ ચન્દ્રદર્શનથી અથવા તો કોકિલના ગાનના શ્રવણથી વધારે પ્રદીપ્ત થાય છે એમ કવિએ દર્શાવ્યું હોય ત્યાં ચંદ્ર તથા કોકિલ ઉદ્દીપન વિભાવ બને છે.

શ્રી પ્રમોદકુમાર પટેલના મત પ્રમાણે કૃતિના ભાવજગતના સંદર્ભે કોઇ પાત્ર (પુરુષ કે સ્ત્રી) ના ચિત્તમાં અમુક લાગણીના પ્રથમ પ્રાદુર્ભાવ માટે અન્ય જે કોઇ પાત્ર (સ્ત્રી કે પુરુષ) નિમિત્ત બને છે તેને આલંબન વિભાવ તરીકે ઓળખવામાં આવે છે અને પાત્રમાં આ રીતે પ્રાદુર્ભાવ પામેલા ભાવને જડ-ચેતન કોઇ પણ પદાર્થ ઉદ્દીપ્ત કરે તેને ઉદ્દીપન વિભાવ તરીકે ઓળખવામાં આવે છે. અલબત્ત, આલંબન અને ઉદ્દીપન વિભાવો વચ્ચે કોઇ દૃઢ નિશ્ચિત ભેદરેખા આંકી શકાય નહિ. આલંબન બનેલો વ્યકિત પણ પછીથી ભાવના ઉદ્દીપનમાં ઓછોવત્તો ભાગ ભજવે છેજ અને ઉદ્દીપન સામગ્રી પણ નવો ભાવ જગાડવામાં કારણભુત બની શકે છે.

સંસ્કૃત સાહિત્યના કેટલાક આચાર્યોએ તો આલંબન અને ઉદ્દીપન વિભાવના પણ પ્રભેદો માન્યા છે. આલંબન વિભાવના બે ભેદ તે (૧) વિષયાલમ્બન તથા (૨) આશ્રયાલમ્બન. જેને ઉદ્દેશ્ય માની રત્યાદિ ભાવ પ્રવર્ત્તિત થતા હોય તે વિષયાલમ્બન તથા જે રત્યાદિ

ભાવનો આધાર હોય તે આશ્રયાલમ્બન. ઉદ્દીપન વિભાવના પણ ચાર ભેદ પાડવામાં આવ્યા છે. (૧) આલમ્બનના ગુણ - રુપયૌવનાદિ (૨) આલમ્બનની ચેષ્ટાઓ - હાવભાવ ઇત્યાદિ (૩) આલમ્બનની અલંકૃતિ - નૂપુર, અંગરાગ આદિ તથા (૪) તટસ્થ ઉદ્દીપન - મલયાનિલ, ચન્દ્ર આદિ.

શ્રી નગીનદાસ પારેખ જેવા આધુનિક કાવ્યમીમાંસકો વિભાવને ટી.એસ.એલિયટ ધ્વારા રજુ થયેલ ઓબ્જેક્ટીવ કોરિલેટીવની વિભાવના સાથે સાંકળવાનો પ્રયત્ન કરે છે. ભાવાભિવ્યક્તિ માટે યોજાતી સામગ્રી માટે 'ઓબ્જેક્ટીવ કોરિલેટીવ' શબ્દ વાપર્યો છે. શ્રી પારેખ 'ઓબ્જેક્ટીવ કોરિલેટીવ' માટે વિભાવ પર્યાય યોજી બંનેના સામ્યનો સંકેત કરે છે. (પરબ-પત્રિકા ૩ ઓક્ટોબર ૧૯૭૪)

શ્રી કાન્તિચંદ્ર પાંડે જેવા આધુનિક કલામીમાંસકો વિભાવને ભાવની ઉત્પત્તિનું કારણ નહિ પણ 'માધ્યમ' ( medium ) માને છે. 'વિભાવ'ના માધ્યમ વડે નટ પાત્રગત ભાવનો અનુભવ કરે છે અને તદાનુસાર આંગિક વાચિક તથા સાત્વિક ચેષ્ટાઓ રજુ કરે છે એવો તેમની માન્યતા છે. ( Comparative Aesthetics Vol.I )

કેટલાક આધુનિક માનસશાસ્ત્રીઓ આલંબન વિભાવ અને ઉદ્દીપન વિભાવને માનસશાસ્ત્રીય પારિભાષિક શબ્દાવલી ધ્વારા સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે જેમ કે -

" The psychologists have established the exciting causes of emotion in two forms - object form and situation form. This division of stimuli in psychology is quite similar to the division of Vibhava in Alambana and Uddipana forms in Sanskrit poetics. F.H.Lund, calling these causes "Objective situations", has fused both the elements into one. Young has termed this cause-factor as " Psychological situation" Whatever may be the name, this much is certain that the first and essential factor of any emotion is an object or situation causing it. Bhava cannot arise without it."

- Hari Dutt Sharma
A Psychological Analysis of Vibhava
Annals of the Bhandarkar Oriental
Research Institute (1982) Page-254

### ભરતમુનિ દ્વારા નિરુપિત વિભાવો

ભરતમુનિએ પ્રત્યેક રસ, સ્થાયી ભાવ તથા વ્યભિચારી ભાવના વિવિધ વિભાવો નિરુપ્યા છે તેમાં આલંબન વિભાવ અને ઉદ્દીપન વિભાવ એવા ભેદ પાડયા નથી. ભરતમુનિને વિભાવોનું કોઇ વર્ગીકરણ અભિપ્રેત નથી.

### વિવિધ રસના વિભાવો

| | | |
|---|---|---|
| (૧) | શૃંગાર | કુસુમ, અનુલેપન, અલંકાર દ્રવ્ય, ઉપવન વિહાર, વનવિહાર, ક્રીડા, લીલા, ગીત સંગીત, ચંદ્રિકા આદિ. |
| (૨) | હાસ્ય | વિચિત્ર, વિકૃત વેશ, અલંકાર, ગતિ, ચેષ્ટા, વાણી, ધૃષ્ટતા, લૌલ્ય, અકારણ ભય આદિ. |
| (૩) | કરુણ | શાપ, ઇષ્ટવિયોગ, વિભવનાશ, વધબંધાદિ, વિદ્રવ, વ્યસન આદિ. |
| (૪) | રૌદ્ર | આક્રમણ, ધર્ષણ, કપટો, અપમાન, અનૃતવચન, વાકય પારુષ્ય, દ્રોહ, માત્સર્ય વિગેરે. |
| (૫) | વીર | અસંમોહ, નિશ્ચય, પરાક્રમ, બલ, શક્તિ, પ્રતાપ, પ્રભાવ ઉત્કર્ષવાંછા. |
| (૬) | ભયાનક | વિકૃત અટ્ટહાસ, વિકૃત દર્શન, અન્યના ત્રાસનું, ઉદ્વેગનું દર્શન, શૂન્યગૃહ, ગહન અરણ્ય, અંધકાર, સ્વજનનો વધ, બંધાદિ, વ્યાઘ્રાદિ હિંસક પશુ પ્રસંગ. |
| (૭) | બીભત્સ | અહૃદ્ય, અપ્રિય અને અનિષ્ટનું શ્રવણ-દર્શન, ઉદ્વેગકર, મલદુષિત,રુધિર, છિદ્ર વસ્તુદર્શન, દુર્ગંધ વિગેરે. |
| (૮) | અદ્ભુત | દિવ્ય, ભવ્ય તત્વનું કે ઘટનાનું દર્શન, વિમાનાદિનું માયાનું ઇન્દ્રજાલનું દર્શન, અલૌકિક અનુભવ. |

## સ્થાયી ભાવોના વિભાવ

| | | |
|---|---|---|
| (૧) | રતિ | ઋતુ, માલ્ય, અનુલેપન, આભરણ ધારણ, પ્રિયજન સેવન, ઇષ્ટ ભોજન, સુંદર ભવનનો ઉપભોગ, પ્રતિકુળ આચરણનો અભાવ, ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ. |
| (૨) | હાસ | પરચેષ્ટા અનુકરણ, કુહક, અસંબધ્ધ પ્રલાપ, પૌરોભાગ્ય, મુર્ખતાનું પ્રદર્શન. |
| (૩) | શોક | ઇષ્ટજન વિયોગ, વિભવનાશ, વધ, બન્ધન, દુ:ખાનુભવ. |
| (૪) | ક્રોધ | આધર્ષણ (તિરસ્કાર, અપમાન, બળાત્કારે પીડા) ખેંચતાણ, કલહ, વિવાદ, પ્રતિકુળ વ્યકિત તથા પદાર્થ. |
| (૫) | ઉત્સાહ | વિષાદનો અભાવ, શક્તિ, ધૈર્ય, શૌર્ય, સ્થિરચિત્તતા (અસંમોહ) |
| (૬) | ભય | ગુરુ તથા રાજાનો અપરાધ, હિંસક જન્તુદર્શન, શૂન્ય ગૃહ, અરણ્ય તથા પર્વતમાં ભ્રમણ, હાથી તથા સર્પનું દર્શન, ચોમાસાનો દિવસ, રાત્રિનો અંધકાર, ઘુવડ અને બીજા રાત્રે ફરતાં પ્રાણીઓના અવાજનું શ્રવણ, તથા મનમાં લાગતી બીક. |
| (૭) | જુગુપ્સા | અણગમતી વસ્તુનું દર્શન અથવા શ્રવણ. |
| (૮) | વિસ્મય | માયા, જાદુ, મનુષ્યોનાં હેરત પમાડનાર કાર્યો, ઉત્તમ ચિત્રકળા, રંગકામ કે કારીગરી, અદ્ભુત શિલ્પવિદ્યા. |

## વ્યભિચારી ભાવોના વિભાવ

| | | |
|---|---|---|
| (૧) | નિર્વેદ | દરિદ્રતા, વ્યાધિ (પાઠાન્તરે શાપ) તિરસ્કારપ્ર ધિક્કાર, દુ:ખ ખેંચતાણ, ક્રોધથી તાડન, પ્રિયજનનો વિયોગ, તત્વજ્ઞાન વિગેરે. |

| | | |
|---|---|---|
| (૨) | ગ્લાનિ | ઉલટી, ઝાડા, માંદગી, તપ, વ્રત, ઉપવાસ, માનસિક સંતાપ, અતિશય કામક્રીડા, અતિશય મદ્યપાન, અતિશય કસરત કે મહેનત, લાંબી મુસાફરી, ભૂખ, તરસ, નિદ્રાનો અભાવ, તપ તથા ઘડપણ વિગેરે |
| (૩) | શંકા | ચોરી, લૂંટ, રાજાનો અપરાધ, પાપકર્મનું આચરણ વિગેરે. |
| (૪) | અસુયા | જાતજાતના અપરાધ, દ્વેષ, પારકાનું ઐશ્વર્ય, સૌભાગ્ય, બુધ્ધિ, વિદ્યા, વિલાસમાં ચઢિયાતાપણું વિગેરે. |
| (૫) | મદ | મદ્યપાન વિગેરે. |
| (૬) | શ્રમ | લાંબી મુસાફરી, અંગ-કસરત વિગેરે. |
| (૭) | આલસ્ય | ખેદ, વ્યાધિ, ગર્ભધારણ, સ્વભાવ, શ્રમ, તૃપ્તિ વિગેરે. |
| (૮) | દૈન્ય | દુર્ગતિ (ગરીબી) મનનો સંતાપ, ચિંતા તથા ઉત્સુકતા વિગેરે. |
| (૯) | ચિંતા | ઐશ્વર્યનો નાશ, પોતાને પ્રિય એવી વસ્તુની ચોરી, દરિદ્રતા, અંતરમાંનો સંદેહ વિગેરે. |
| (૧૦) | મોહ | દૈવોપઘાત, દુ:ખ, માર, રોગ, ભય, આવેગ, અગાઉના વેરનું સ્મરણ, અયોગ્ય સ્થાનમાં ચોરોને જોવા, જાતજાતના જુલમ થવા વિગેરે. |
| (૧૧) | સ્મૃતિ | સ્વાસ્થ્ય, પાછલી રાતે ઉંઘ ઉડી જવી, સમાન વસ્તુનું દર્શન, ઉદાહરણ, ચિંતન, અભ્યાસ વિગેરે. |
| (૧૨) | ધૃતિ | શૌર્ય, વિજ્ઞાન (આધ્યાત્મ જ્ઞાન) વેદ અને શાસ્ત્રોનું જ્ઞાન, વિભવ, પવિત્રતા, સદ્‌વિચાર, ગુરુભક્તિ, સારો દ્રવ્યલાભ, ક્રીડા, શક્તિ વિગેરે. |
| (૧૩) | વ્રીડા | ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન, અવજ્ઞા, આપેલું વચન ન પાળવું, પશ્ચાતાપ, વિગેરે. |

| | | |
|---|---|---|
| (૧૪) | ચપલતા | રાગ, દ્વેષ, મત્સર, અમર્ષ, ઇર્ષ્યા, પ્રતિકુળતા વિગેરે. |
| (૧૫) | હર્ષ | મનોરથની પ્રાપ્તિ, ઇષ્ટજનનો સમાગમ, મનનો પરિતોષ, દેવ, ગુરુ, રાજા કે માલિકની કૃપા, ભોજન વસ્ત્ર કે ધનનો લાભ અને ઉપભોગ વિગેરે. |
| (૧૬) | આવેગ | ઉત્પાત, વાવાઝોડું, વરસાદ, આગ, હાથીઓની દોડાદોડ, સારા કે માઠા સમાચાર સાંભળવા, આફત આવી પડવી વિગેરે. |
| (૧૭) | જડતા | ઇષ્ટ કે અનિષ્ટનું શ્રવણ કે દર્શન, રોગ વિગેરે. |
| (૧૮) | ગર્વ | ઐશ્વર્ય, કુળ, રુપ, યૌવન, વિદ્યા, બળ, દ્રવ્ય લાભ વિગેરે. |
| (૧૯) | વિષાદ | કામ પાર ન પડવું, દૈવની આફત, ચોરી, લુટ કે રાજકીય ગુનો, આર્થિક વિપત્તિ વિગેરે. |
| (૨૦) | ઔત્સુક્ય | ઇષ્ટજનનો વિયોગ, યાદગીરી, બગીચો જોવો વિગેરે. |
| (૨૧) | નિદ્રા | દુર્બળતા, મહેનત, થાક, મદ, આળસ, ચિંતા, અતિશય આહાર, અતિશય વિચાર, સ્વભાવ, જાગરણ વિગેરે. |
| (૨૨) | અપસ્માર | દેવ, યક્ષ, નાગ, બ્રહ્મરાક્ષસ, ભૂત, પ્રેત પિશાચનો શરીરમાં પ્રવેશ, કે તેની યાદ, ઉચ્છિષ્ટનું ભોજન, નિર્જન મકાનમાં વાસ, અપવિત્રતા, ઉતારમાં પગ પડી જવો, વ્યાધિ વિગેરે. |
| (૨૩) | સુપ્ત | ઉંઘમાં ખલેલ, ઇન્દ્રિયના વિષયોની સમીપ જવું, ઇન્દ્રિયનિવૃત્તિ, મોહન, જમીન પર સુવું, પ્રસારણ, અનુકર્ષણ, વિગેરે. |
| (૨૪) | વિબોધ | ખોરાક પચી જવો, ઉંઘ પુરી થવી, સ્વપ્નનો અંત આવવો, તીણો કે મોટો અવાજ સાંભળવો, કશાકનો સ્પર્શ થવો. |
| (૨૫) | અમર્ષ | વિદ્યા, ઐશ્વર્ય, શૌર્ય, બળની અધિકતાવાળા મનુષ્યો દ્વારા તિરસ્કાર અથવા અપમાન થવાથી. |

| | | |
|---|---|---|
| (૨૬) | અવહિત્થ | લજ્જા, ભય, પરાજય, ગૌરવ, કુટિલતા, ધ્રુષ્ટતા વિગેરે. |
| (૨૭) | ઉગ્રતા | ચોરી, લૂંટ, રાજ્યનો ગુનો, જુઠ્ઠું બોલવું વિગેરે. |
| (૨૮) | મતિ | વિવિધ શાસ્ત્રો ઉપર ઉંડું ચિંતન, ઉહાપોહ (શંકાઓનું સમાધાન) વિવિધ શાસ્ત્રોનું અર્થજ્ઞાન વિગેરે |
| (૨૯) | વ્યાધિ | વાત, પિત્ત, અને કફનો સંન્નિપાત વિગેરે. |
| (૩૦) | ઉન્માદ | ઇષ્ટજનનો વિયોગ, સંપત્તિનો નાશ, આઘાત લાગવો, વાત, પિત્ત, કફ, સળેખમનો પ્રકોપ, ચિત્તવિકાર વિગેરે. |
| (૩૧) | મરણ | વ્યાધિ, આઘાત (અકસ્માત) વિગેરે. |
| (૩૨) | ત્રાસ | વીજળી, ઉલ્કા અને વજ્રપાત, પવનનું તોફાન, ધરતીકંપ, વાદળાં, મોટાં પ્રાણી તથા પશુઓના અવાજ વિગેરે. |
| (૩૩) | વિતર્ક | સંદેહ, વિમર્શ, ગુંચવણ વિગેરે. |

સાત્વિક ભાવોના વિભાવો

| | | |
|---|---|---|
| (૧) | સ્વેદ | ક્રોધ, ભય, હર્ષ, લજ્જા, દુઃખ, શ્રમ, રોગ, તાપ, પ્રહાર, વ્યાયામ, થાક, ઘામ, અંગ ચોળવા-મસળવા વિગેરે. |
| (૨) | સ્તંભ | હર્ષ, ભય, શોક, વિસ્મય, રોષ વિગેરે. |
| (૩) | વેપથુ | શીત, ભય, હર્ષ, રોષ, સ્પર્શ, ઘડપણ, રોગ વિગેરે. |
| (૪) | અશ્રુ | આનંદ, અમર્ષ, ધુમાડો, અંજન, બગાસાં, ભય, શોક, પલકારો માર્યા વગર જોવું, શીત, રોગ વિગેરે. |
| (૫) | રોમાંચ | શીત, ક્રોધ, ભય, રોગ, સ્પર્શ વિગેરે. |
| (૬) | વૈવર્ણ્ય | શીત, ક્રોધ, ભય, શ્રમ, રોગ, થાક, તાપ વિગેરે. |
| (૭) | સ્વરભેદ | ભય, હર્ષ, ક્રોધ, ઘડપણ, રુક્ષતા, રોગ, મદ વિગેરે. |
| (૮) | પ્રલય | શ્રમ, મૂર્છા, મદ, નિદ્રા, પ્રહાર, મોહ વિગેરે. |

ભરતમુનિ ધ્વારા નિરુપિત 'વિભિન્ન રસ તથા ભાવ'ના વિવિધ બિભાવોનો અભ્યાસ કરતાં જણાય છે કે જડ ચેતન સર્વ લોકગત પદાર્થોનો તેમાં સમાવેશ થાય છે કે જેને રંગમંચ પર ભાવ-રસાનુરુપ ઉપસ્થિત કરી શકાય. તેમાં કેટલોક પ્રાકૃતિક વસ્તુઓ છે જેમ કે ઋતુ, પુષ્પ વિગેરે કેટલાંક મનુષ્ય નિર્મિત પદાર્થો છે - અનુલેપન, આભરણ, વિશાળ ભવન, અને કેટલાક સચેતન પ્રાણી તથા તેમનો વ્યવહાર છે પ્રિયજન, ઇષ્ટજન વિગેરે.

ભરતમુનિએ 'વિભાવ' અંતર્ગત જડચેતન સર્વ લોકગત પદાર્થોનો સમાવેશ શા માટે કર્યો છે તેનો ઉત્તર ભરતમુનિની 'વિભાવસ્વરુપમીમાંસા'માં રહેલો છે. ભરતમુનિની દૃષ્ટિએ વિભાવનું સ્વરુપ શું છે તેની સ્પષ્ટતા કરવાથી તેનો ઉત્તર આપોઆપ મળી રહે છે.

## ભરતમુનિની દૃષ્ટિએ વિભાવનું સ્વરુપ

વિભાવ શબ્દમાં 'વિ' ઉપસર્ગ છે. ભાવની સાથે તેને જોડી તેમાં એક નવોજ પારિભાષિક અર્થ સમાવવામાં આવ્યો છે. વિ ઉપસર્ગનો અર્થ થાય છે 'વિશેષ' અથવા 'મહત્વપૂર્ણ' અને ભાવ શબ્દનો અર્થ છે - નાટ્યપરક સાધન. રસોના નિર્માણની દૃષ્ટિએ ૪૯ ભાવ નાટ્ય સાધન છે. વિભાવ તત્વ આ સાધનોને રંગમંચ પર વિજ્ઞાત કરવા માટેના મહત્વના નિમિત્ત, હેતુ અથવા 'કારણ' બની જાય છે એટલેજ ભરતમુનિએ કહયું છે -

'' વિભાવો વિજ્ઞાનાર્થ: । વિભાવ: કારણં નિમિત્તં હેતુરિતિ પર્યાયા: ''

વિભાવોની સહાયતાથી રતિ આદિ ભાવગત ક્રિયાવ્યાપારોને રંગમંચ ઉપર રજુ કરી શકાય છે. વિભાવોને કારણેજ રતિ આદિ ભાવ મંચ ઉપર પ્રગટ થાય છે એટલા માટેજ વિભાવોનો ઉદ્દેશ્ય છે 'વિજ્ઞાનાર્થ:'

ભાવ નાટ્યપરક સાધન છે અને વિભાવ પણ. ભરતમુનિએ ભાવને પણ હેતુ કારણ અથવા સાધન માન્યા છે અને વિભાવોને પણ. તો પછી પ્રશ્ન થાય કે રંગમંચની દૃષ્ટિએ બંનેમાં કોઇ તફાવત ખરો ? તો એના જવાબમાં કહી શકાય કે 'ભાવ' વાગંગસત્વોપેત કાવ્યાર્થની રંગમંચ પર અભિવ્યકિત અથવા નિર્માણના સાધન છે તો 'વિભાવ આ ભાવો તથા વાચિક,

આંગિક તેમજ સાત્વિક અભિનયોની અભિવ્યકિતના કારણ અથવા નિમિત્ત છે. એટલા માટેજ ભરતમુનિએ વિભાવોથી અભિનયોની અભિવ્યકિત માત્રને વિભાવોનું મુળભુત કાર્ય માન્યું છે.

'' વિભાવ્યન્તેઅનેન વાગંગ સત્વાભિનયા ઇતિ વિભાવા: । ''

ભરતમુનિની આ ઉકિતથી સ્પષ્ટ થાય છે કે વિભાવ એ મૂળભૂત સાધન છે જેના ધ્વારા વાચિક, આંગિક તથા સાત્વિક અભિનય વિજ્ઞાત અથવા પ્રગટ થાય છે. આ પ્રમાણે વિભાવ ધ્વારા એક બાજુ વાચિક, આંગિક વિગેરે અભિનય સંપન્ન થાય છે તો બીજી બાજુ ૪૯ ભાવોને રંગમંચ ઉપર ઉપસ્થિત કરવામાં ઉપયોગી અનેક મૂળભૂત પદાર્થો રુપે તેનાથી મદદ મળે છે. દા.ત. રતિ સ્થાયી ભાવની ઉપસ્થિતિ જ્યાં સુધી રંગમંચ ઉપર પ્રિયજન, ઋતુ પુષ્પ, માળા, આભરણ, અનુલેપન વિગેરે વિભાવરુપે નાટ્યસાધનોની મદદ લેવામાં ન આવે ત્યાં સુધી શકય બનતી નથી. ખરું પુછોતો વિભાવના અભાવમાં રંગમંચ ઉપર કોઇ 'ભાવ'ના વિજ્ઞાત કે પ્રગટ થવાનો પ્રશ્ન ઉભો થતોજ નથી. આજ કારણોસર વિભાવને કારણ, નિમિત્ત તથા હેતુ આ ત્રણ શબ્દોમાં નિહિત અર્થનો પર્યાય માનવામા આવ્યો છે. જેમ માટી એ મુળ દ્રવ્ય છે કે જેમાંથી ઘડો બને છે તેમ વિભાવ એ મુળ દ્રવ્ય છે જેની સહાયતાથી સ્થાયી ભાવ, વ્યભિચારી ભાવ વિગેરે રંગમંચ ઉપર મુર્તરુપે ઉપસ્થિત કરવામાં આવે છે તથા જેનાથી વાચિક, આંગિક તથા સાત્વિક આદિ અભિનય 'વિજ્ઞાત' થાય છે. વિભાવ વિના રંગમંચ પર ન તો કોઇ ભાવનું ઉપસ્થાપન સંભવે છે ન કોઇ પ્રકારના અભિનયની અભિવ્યકિત. આથીજ ભરતમુનિએ રંગમંચગત રસનિષ્પત્તિના આ મૂળભૂત સાધનાત્મક દ્રવ્યને 'વિભાવ' અર્થાત વિશિષ્ટ ભાવની સંજ્ઞા આપી રસસુત્રમાં સૌથી પહેલાં તેનો ઉલ્લેખ કર્યો છે.

'વિભાવ' લોકપ્રસિધ્ધ હોવાથી ભરતમુનિએ તેની વિશેષ મીમાંસા કરી નથી પણ પ્રત્યેક ભાવ તથા રસના વિભાવો વિસ્તૃતપણે નિરુપી તેનું મહત્વ સિધ્ધ કરી આપ્યું છે. નાટ્યપ્રયોકતાને રસનિષ્પત્તિ માટે રસને અનુરુપ રંગમંચોચિત જડચેતન નાટ્યસાધનો ભેગા કરવામાં મદદરુપ થવા અને વિભાવનું સ્વતંત્ર અસ્તિત્વ સમજી શકાય તે માટેજ પ્રત્યેક રસ તથા ભાવની ઉત્પત્તિ મુળમાં રહેલા મુખ્ય મુખ્ય વિભાવોની લાંબી યાદી ભરતમુનિએ આપી છે

## (અ) વિભાવના પ્રભેદો

ભરતોત્તર કાળના કાવ્યશાસ્ત્રીઓએ 'રસનિષ્પત્તિ'ને રંગમંચગત ન માનતાં સહૃદયગત માની અને પ્રેક્ષક અથવા વાચક સહૃદયના મુખ્યત્વે ધ્યાનમાં રાખી વિભાવના પહેલાં બે ભેદ પાડયા (૧) આલંબન અને (૨) ઉદ્દીપન. આલંબન વિભાવોમાં નાયક-નાયિકાનો સમાવેશ કર્યો તથા ઉદ્દીપન વિભાવોમાં પ્રાકૃતિક વાતાવરણ તથા પાત્રોની ચેષ્ટાઓનો સમાવેશ કર્યો એટલે તેના પણ બે ઉપભેદ થયા (૧) બાહ્ય ઉદ્દીપન અને (૨) આંતરિક ઉદ્દીપન. પ્રસ્તુત વર્ગીકરણ કાવ્યોની વર્ણ્યવસ્તુઓને આધાર બનાવી કરવામાં આવ્યું. કાવ્યગત વિભાવના આલંબન-ઉદ્દીપન, આશ્રય વિગેરે ભેદોની કલ્પના પૂર્ણપણે સ્થૂળ છે અને તાત્વિક દૃષ્ટિએ બિનજરુરી છે કારણ કે કાવ્યગત આશ્રય હોય કે આલંબન હોય, તેમની ઉદ્દીપનકારી ચેષ્ટાઓ હોય અથવા ઉદ્દીપક વાતાવરણ હોય, આ બધાનું કાલ્પનિક નિર્માણ મૂળ તો કવિની પ્રતિભા વડે થાય છે અને તેજ આ વિભાવોને પોતાની મનોભાવનાઓ તથા વિચારોના સંપ્રેક્ષણ માટે પ્રતીક તથા સાધનો રુપે અપનાવે છે. કદાચ આજ કારણોસર ભરતમુનિએ પણ વિભાવના આશ્રય-આલમ્બન-ઉદ્દીપન વિગેરે ભેદોની કલ્પના કરી નથી કારણ કે તેમની દૃષ્ટિએ નાટ્યમાં વિભાવતત્વની સ્થિતિ સાધનાત્મક અથવા હેતુ-કારણ-નિમિત્ત રુપજ છે, પછી તેમાં ચેતન નાયક-નાયિકા વિગેરે પાત્ર હોય કે તેમની ઉક્તિઓ-ચેષ્ટાઓ હોય કે વિવિધ પ્રાકૃતિક વસ્તુઓ હોય. વિભાવાત્મક આ બધાજ સાધનોનો ઉદ્દેશ્ય છે : રંગમંચ પર ભાવોને જ્ઞાત અથવા પ્રગટ કરવા તથા વાચિક, આંગિક તેમજ સાત્વિક અભિનયોને પરિપુષ્ટ આધાર આપવો.

## (બ) વિભાવ અને સ્વભાવ

ભરતમુનિએ નાટ્યભાવોના વિભાવોની યાદીમાં લોકગત જડ ચેતન પદાર્થોનો વ્યાપકપણે સમાવેશ કર્યો છે. આ પદાર્થોને યથાવત્ રંગમંચ ઉપર રજુ કરવા તે નાટ્યપ્રયોકતા માટે સમસ્યારુપ બની રહે છે. રંગમંચની સીમા અને નાટ્યકળાની પ્રવિધિને

ધ્યાનમાં રાખી 'વિભાવો'ની રજુઆત સંબંધી વિસ્તૃત ચર્ચા ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં કરી છે. દા.ત. પ્રાસાદ, ગૃહ, યાન, વિગેરે લોકગત વસ્તુઓ રંગમંચ ઉપર યથાવત્ રજુ કરી શકાતી નથી. રંગમંચની સીમાજ બાધક નિવડે છે એવું નથી પરંતું નાટ્યકળાની દૃષ્ટિએ પણ અનેક વસ્તુઓનું વાસ્તવિક રુપે ઉપસ્થાપન અનુચિત લાગે છે. નાટ્યકળાનું અગત્યનું અંગ છે - અનુકરણ. આ તત્વને ધ્યાનમાં રાખી રંગમંચ ઉપર સંપૂર્ણ જડચેતન વસ્તુઓ ઉપસ્થિત કરવામાં આવે છે. ભરતમુનિએ લોકગત એ તમામ જડચેતન ઉપકરણોને વિભાવની સંજ્ઞા આપી છે જેને નાટ્યમાં અથવા અનુકરણમાં રુપાંતરિત કરી રંગમંચ ઉપર રજુ કરવામાં આવે છે. લોકગત વસ્તુઓ જ્યાં સુધી તેમના વાસ્તવિક સ્વરુપમાં હોય છે ત્યાં સુધી તેમનો 'સ્વભાવ' ટકી રહે છે પરંતું તેમને રંગમંચ ઉપર રજુ કરતી વેળા તેમાં 'નાટ્ય-ધર્મ'નો સમાવેશ થાય છે માટે તે વિભાવ કહેવાય છે. 'સ્વભાવ' અને 'વિભાવ' શબ્દોનો મુળભુત અર્થગત તફાવત ખુબ સ્પષ્ટપણે ભરતમુનિએ નિરુપ્યો છે:- સ્વભાવમાં લોકધર્મિતા હોય છે તથા વિભાવમાં નાટ્યધર્મિતા.

લોકધર્મી ભવેત્વન્યા નાટ્યધર્મી તથાપરા ।
સ્વભાવો લોકધર્મીતુ વિભાવો નાટ્યમેવ હિ ॥

અધ્યાય ૨૩ (આહાર્ય અભિનય)
શ્લોક ૧૯૧

ભરતમુનિનું આ વિશ્લેષણ પણ એ સિધ્ધ કરે છે કે, તેઓ 'વિભાવ' તત્વને નાટ્યધર્મી માને છે અને તેના આધારેજ તેના સ્વરુપની મીમાંસા કરે છે.

### (ક) 'વિભાવ'ની લૌકિકતા

ભરતોત્તર કાળના કાવ્યશાસ્ત્રીઓએ રસને 'નાટ્ય' તથા 'મંચગત' ન માનતાં સહૃદયગત માન્યો, પદાર્થરુપ નહિ પણ અનુભુતિરુપ માન્યો, અને 'રસ'ની સાથે સાથે નાટ્યના વિભાવ તત્વને અલૌકિક ઠેરવવાનો પ્રયત્ન કર્યો. અભિનવગુપ્તે 'વિભાવ'ની અલૌકિકતા સિધ્ધ કરવા માટે નિમ્નલિખિત પ્રમાણોનો આશ્રય લીધો છે.

(૧) ભરતમુનિએ લોકપ્રચલિત હેતુ, કારણ, નિમિત્ત વિગેરે શબ્દોની જગ્યાએ 'વિભાવ' નામની વિશિષ્ટ સંજ્ઞા શોધી. હેતુ કારણ તથા નિમિત્ત - આ શબ્દોમાં રહેલી લૌકિકતાનો પરિહાર કરવા તથા તેની અલૌકિકતા સિધ્ધ કરવા વિભાવ સંજ્ઞા પ્રયોજી.

(૨) રસાસ્વાદમાં વિભાવાદિ ના તો જ્ઞાપક હેતું છે ના કારક માટે તે અલૌકિક છે.

(૩) વિભાવ વિગેરે સાધન વ્યક્તિ-સંબંધ્ધતાને વિગલિત કરી રસાસ્વાદમાં 'સાધારણીકૃત' રુપે રજુ થાય છે માટે અલૌકિક છે.

(૪) લોકગત કાર્ય-કારણ સંબંધો તથા આસ્વાદકગત કાર્યકારણ સંબંધોમાં તફાવત રહેલો છે અને વળી રસાસ્વાદકાળની પ્રતીતિ 'સમુહાવલંબનાત્મક' હોય છે માટે વિભાવાદી ઉપાયો લૌકિક ઉપાયોથી ભિન્ન છે.

(૫) રસ અલૌકિકત્વનો ગમક છે, વિભાવ તેનું અભિન્ન અંગ છે માટે વિભાવ પણ અલૌકિક છે.

(૬) વિભાવનું સાધારણીકરણ થાય છે એટલે વિભાવાદિનું સાધારણ્ય થઇ જે પ્રત્યક્ષ જ્ઞાન થાય છે તે અલૌકિક પ્રત્યક્ષજ હોય છે.

ભરતમુનિએ 'રસ' ને પદાર્થરુપ માન્યો છે અને તેની નિષ્પત્તિ રંગમંચ ઉપર થતી માની છે. તેમણે સહૃદયની આનંદમય સ્થિતિ કે અલૌકિક અનુભૂતિને 'રસ' સંજ્ઞા આપી નથી. તેમણે વિભાવની અલૌકિકતા કરતાં વિભાવની લૌકિકતાનોજ આગ્રહ રાખ્યો છે, જે નીચેના પ્રમાણો પરથી સિધ્ધ થાય છે.

(૧) 'વિભાવાનુભાવૌ લોકપ્રસિધ્ધૌ લોકપ્રસિધ્ધત્વાત્વેષાં લક્ષણં નોચ્યતે'

અધ્યાય ૭ શ્લોક ૫ ગદ્યાંશ

અર્થાત વિભાવ તથા અનુભાવ તો લોકપ્રસિધ્ધ વસ્તુઓ છે, લોકગત પ્રસિધ્ધિના કારણે તેમનું પૃથકપણે લક્ષણ નિરુપવું અનાવશ્યક છે.

ભરતમુનિના ઉપરોક્ત કથનમાં લોકપ્રસિધ્ધ શબ્દોની પુનરાવૃત્તિ થઇ છે, તે નિષ્કારણ નથી. તેના વડે વિભાવોના લોકગત યથાર્થ સ્વરુપને જાણી લેવાનો અને તદાનુસાર

તેને નાટ્યમાં રજુ કરવાનો સંકેત કરવામાં આવ્યોછે, વિભાવોની અલૌકિકતાનો નહીં.

(૨) નાટ્યપ્રયોગમાં લોક અવસ્થાનું અનુકરણજ મહત્વનું હોય છે. આ અનુકરણની પ્રક્રિયામાં વિશિષ્ટ વ્યકિતઓની પસંદગી અત્યંત અનિવાર્ય સમજવામાં આવે છે. અનુકર્તા નટો વ્યકિતવૈશિષ્ટ્યોની યથાવત્ રજુઆત કરવાનો પ્રયત્ન કરે છે. એટલે નાટ્યમાં વ્યકિતસંબંધ્ધતાનું વિગલન અભિનયની દૃષ્ટિએ સંભવિત નથી. વિભાવ પછી તે જડ હોય, ચેતન હોય, ઐતહાસિક હોય કે કાલ્પનિક હોય તેના મૂળભૂત સ્વરુપ અને વ્યકિતત્વની જાળવણી જો ન થાય તો નાટ્યપ્રયોગ નિષ્ફળ નિવડે છે. ખાસ કરીને જ્યારે વિભાવ એક સચતેન વ્યકિત હોય પછી તે ઇતિહાસમાંથ લેવામાં આવી હોય કે વર્તમાનકાળમાંથી, તેને નાટ્યમાં રજુ કરતી વેળા તેની વ્યકિતસંબંધ્ધતાનો તિરસ્કાર નટ માટે શકય નથી કારણ કે નટ જે પણ વાચિક, આંગિક, આહાર્ય અને સાત્વિક અભિનય રજુ કરે છે તેમાં તેની કળાનું કૌશલ અનુકાર્યના યથાસંભવ યથાર્થ અનુકરણ પરજ નિર્ભર રહે છે ન કે પ્રેક્ષકના આસ્વાદ ઉપર. એટલે નાટ્યમાં 'વિભાવ'ને વ્યકિતનિરપેક્ષતાની પ્રેક્ષકગત કસોટીના આધારે અલૌકિક સિધ્ધ કરવો અતાર્કિક છે.

(૩) નાટ્યમાં વિભાવ તત્વ નાટ્યરસાત્મક કાર્યના નિર્માણ માટે અત્યંત આવશ્યક કારણ છે, તેના વિના રસકાર્યની મંચગત નિષ્પત્તિ અસંભવ છે. જેમ ઘડો બની ગયા પછી દંડ ચક્ર જેવા બાહ્ય સાધનોની જરુર રહેતી નથી પણ માટી જેવા આન્તરિક કારણની જરુર તો રહેજ છે. કારણ કે માટી વિના તો ઘડો ટકી શકતો નથી તેમ વિભાવ જેવા આંતરિક ઉપાદાન વિના રસ મંચ ઉપર ઉપસ્થિત થઇ શકતો નથી. એટલે લોકગત કારણ-કાર્યના નિયમોને નાટ્યરસના નિર્માણમાં છેકજ બિનજરુરી માની ન શકાય. નાટ્ય તો 'મુર્તિકરણ'ની કળા છે જેમાં સર્વત્ર અભિનયનો આશ્રય લેવામાં આવે છે. તેમાં વિભાવરુપ કારણ તથા રસરુપ કાર્ય

રંગમંચ ઉપરજ મુર્તિત થાય છે અથવા તો અભિનયમાં રુપાંતરિત થઇને પોતાના સ્વરુપને અથવા અસ્તિત્વને પ્રમાણિત કરે છે. ભરતમુનિએ 'વિભાવ'ને કારણ, સાધન અથવા નિમિત્તરુપે પ્રતિપાદિત કરતી વેળા તેના રંગમંચીય મૂર્ત સ્વરુપની વ્યાવહારિક કલ્પના કરી છે.

(૪) શ્રવ્ય કાવ્યનો આધાર અમૂર્ત 'શબ્દાર્થ' માત્ર છે. રંગમંચ, અભિનય, નટ વિગેરે મૂર્ત આધાર તેને પ્રાપ્ત નથી. આથી શ્રવ્યકાવ્યગત વિભાવના અસ્તિત્વને પ્રમાણિત કરવાનો કે સમજવાની જવાબદારી આસ્વાદક પર આવી પડે છે. આસ્વાદકજ શબ્દાર્થ સાથે જોડાયેલા સંસ્કારોના આધારે પોતાના ~~મન-મસ્તિષ્ક~~મનમાં તેમનું અદૃશ્ય અથવા કાલ્પનિક મૂર્તીકરણ કરે છે. આવી સ્થિતિમાં વિભાવ વિગેરે કારણ તથા તેનાથી નિર્મિત કાર્ય પણ માનસિકત્વ પ્રાપ્ત કરે છે. તે એ રીતે જોતાં અમૂર્તજ રહી જાય છે. આ સ્થિતિ શ્રવ્યકાવ્યના આસ્વાદક માટે પોતાની એક વિશિષ્ટ સ્થિતિ બની જાય છે અને તેનેજ અભિનવગુપ્તે લૌકિક સિધ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ આ સ્થિતિ આસ્વાદકની પોતાની છે, તેમાં અધિકાંશ શ્રમ તેનાજ મન-મસ્તિષ્ક પર નિર્ભર રહે છે. નાટ્યના વિભાવનું સ્વરુપ આવું છેજ નહીં. તેમાં કલાત્મક અનુકૃતિ અથવા નિર્માણનો અંશ રહેલો હોય છે. સહૃદયની પ્રતીતિ એક જ્ઞાનાત્મક અવસ્થા છે જ્યારે વિભાવ, નાટ્યકળાની દૃષ્ટિએ અમૂર્ત જ્ઞાનાત્મક સ્થિતિ નથી પરંતુ રંગમંચ ગોચર ક્રિયાવ્યાપારનિષ્ઠ તથા મૂર્ત છે. મંચગત નાટ્યાત્મક વિભાવની રજુઆતમાં કલાકારની જ્ઞાનાત્મક અને ક્રિયાત્મક બંને શક્તિઓનો સમાન યોગ જરુરી બને છે. આથી મંચ પર પ્રસ્તુત નાટ્યના વિભાવમાં જ્ઞાનાત્મક તથા ક્રિયાત્મક બંને અંશોનો સમાવેશ થાય છે. એટલે તેને પણ શ્રવ્યકાવ્યાધિષ્ઠિત આસ્વાદન પ્રક્રિયાના આધારે અલૌકિક સિધ્ધ કરી શકાય નહીં.

(૫) ભરતમુનિની દૃષ્ટિએ લૌકિક વિભાવ અને નાટ્ય વિભાવમાં તફાવતનું જો કોઇ મુખ્ય કારણ હોય તો એ રંગમંચગત નાટ્યપ્રયોગજ છે. પ્રેક્ષકની આસ્વાદન પ્રક્રિયા

નહીં અને કદાચ એટલા માટેજ ભરતમુનિએ લોકધર્મી તથા 'નાટ્યધર્મી' એ બે નવી પરિભાષાઓ યોજી કે જેના વડે 'લોકગત' વિભાવ' અને 'નાટ્ય વિભાવ' વચ્ચેનો કલાત્મક તફાવત સ્પષ્ટ થઇ શકે. જો કે એ બે વચ્ચે આત્યંતિક વિરોધ પણ નથી કારણ કે નાટ્યનું ઉપજીવ્ય તો આખરે 'લોક'જ છે.

(૬) સહૃદયની 'પ્રતીતિ' એક જ્ઞાનાત્મક અવસ્થા છે જ્યારે નાટ્યગત વિભાવ અમૂર્ત જ્ઞાનાત્મક અવસ્થા નહીં પરંતુ રંગમંચ ગોચર ક્રિયાવ્યાપાર નિષ્ઠ તથા મૂર્ત સ્થિતિ છે. અભિનવગુપ્તે સહૃદયની પ્રતીતિ તથા રસ બંનેને એકજ માન્યા. ભરતમુનિ અને અભિનવગુપ્તના દૃષ્ટિકોણમાં આ પાયાનો તફાવત છે. જ્યારે અન્ય બે આચાર્યો ભટ્ટ લોલ્લટ તથા શંકુકની વિચારધારા, ભરતમુનિની મુળ ધારણાની પ્રમાણમાં સૌથી પ્રબળ પોષક રહી છે. આ બન્ને આચાર્યોએ 'વિભાવ' તત્વને કારણ તથા હેતુ આ બંને પર્યાયવાચી શબ્દોથી વ્યાખ્યાયિત કર્યા છે.

વિભાવશ્ચિત્તવૃત્તે: સ્થાય્યાત્મિકાયા ઉત્પત્તૌ કારણમ્ । - ભટ્ટ લોલ્લટ

તસ્માદ્ હેતુભિર્વિભાવ્યે : । - શ્રી શંકુક

(ખ) સ્થાયી ભાવ અને વિભાવ

રંગમંચ ઉપર નાટ્યમાં પરિણત થતાં પહેલાં સ્થાયી રુપ ચિત્તવૃત્તિ અથવા વાસના સમાજના વિભિન્ન સ્ત્રીપુરુષોની પ્રકૃતિ અથવા સ્વભાવનુંજ એક અંગ હોય છે. ભટ્ટ લોલ્લટ અનુસાર 'વિભાવ'જ એ મૂળભૂત તત્વ છે જેને અનાટ્યાયિત, અમૂર્ત, ચિત્તવૃત્યાત્મક સ્થાયીને મંચ ઉપર ઉત્પન્ન કરવાનું મુખ્ય કારણ સમજવું જોઇએ. મંચ ઉપર 'સ્થાયીની ઉત્પત્તિ'નો અર્થ વિભાવાનુભાવોનો નાટ્યાત્મક સંયોગ છે. આ સંયોગની પ્રક્રિયામાં 'સ્થાયી'ની ચિત્તવૃત્યાત્મક અમૂર્ત અવસ્થા મૂર્ત અથવા 'ઉપચિત' થવા લાગે છે. સ્થાયીનો વિભાવઅનુભાવાદિથી વધારેને વધારે ઉપચયજ તેને નાટ્યરસ બનાવે છે. આમ

વિભાવાનુભાવથી સંયુકત સ્થાયી મંચ પર 'ઉપચિત' સ્થાયી કહેવાય છે. તેને 'પ્રેક્ષકગત અમૂર્ત જ્ઞાનાત્મક અવસ્થારુપ સ્થાયી' સિધ્ધ કરવો નાટ્યરસની દૃષ્ટિએ યોગ્ય નથી એવું ભટ્ટ લોલ્લટ માને છે અને તેથી તેઓ અભિનવગુપ્ત કરતાં ભરતમુનિની વિચારણાની વધુ નજીક છે.

શ્રી શંકુક પણ 'અનુક્રિયમાણ સ્થાયી' અને 'અન્ અનુક્રિયમાણ'માં રહેલા મૂળભૂત તફાવતને સ્પષ્ટ કરી આપે છે. રતિ, શોક વિગેરે શબ્દોનું ઉચ્ચારણ માત્રથી તેમને મંચ ઉપર સ્થાયીભાવત્વ પ્રદાન કરતું નથી પરંતું તેમને વિભાવાનુભાવો ધ્વારા 'અભિનયમાં' રુપાંતરિત કરવા અનિવાર્ય બની રહે છે. તેમના મતે મંચગત અભિનય અથવા નાટ્યમાં અત્યંત સ્થૂળ શારીરિક ચેષ્ટાઓ અથવા વાકયોચ્ચારણ માત્રનો સમાવેશ થતો નથી પણ તેમાં 'અવગમન શકિત' પણ રહેલી હોય છે. 'રતિ' શબ્દથી જે ચિત્તવૃત્ત્યાત્મક, પ્રતીત્યાત્મક અથવા અવગમનાત્મક માનસિક અનુભવ અથવા અનુભૂતિ હોય છે તેને રંગમંચ ઉપર અભિનયના માધ્યમથી મુર્તિત કરવી અનિવાર્ય બની રહે છે. કાવ્યના શબ્દો અમૂર્ત માનસિક રતિ ભાવનાને રંગમંચ ઉપર મુર્તિત કરી શકતા નથી કારણ કે તેમઆમાં સ્વયમેવ 'અવગમનશકિત' નો સમાવેશ થતો નથી. દા.ત. કોઇ નટ 'રતિ' શબ્દનું અભિનયહીન ઉચ્ચારણ ભલેને ગમે તેટલી વાર કરે તેનાથી રંગમંચ ઉપર 'રતિ' ભાવની ઉત્પત્તિ થતી નથી. વાક્માત્રનો અર્થ 'વાચિકાભિનય' થતો નથી પરંતુ વાણીની સહાયતાથી શબ્દને અભિનયમાં રુપાંતરિત કરાવામાં આવે છે. આ પ્રક્રિયામાંજ વિભાવ, અનુભાવ વિગેરે તત્વો અભિનયને મુર્તતા પ્રદાન કરે છે. એટલે કાવ્યના અમૂર્ત શબ્દોથી ભિન્ન એક અન્ય શકિતના અસ્તિત્વનો નાટ્યની દૃષ્ટિએ સ્વીકાર કરવો અત્યંત જરુરી છે. આ શકિતનું નામ છે - અભિનય. તેમાં 'અવગમન શકિત' અથવા અમૂર્ત માનસિક ભાવના તો રહેલીજ હોય છેજ. એટલે વિભાવ તત્વ ઉકત અભિનયનું કારણ છે અને અનુભાવ કાર્ય. આ બંને તથા વ્યભિચારી ભાવની સહાયતાથી 'અનુક્રિયમાણારતિ' સ્થાયી ભાવનેજ 'નાટ્યરસની' સંજ્ઞા આપવામાં આવે છે. આ પ્રમાણે શંકુકે પણ રતિ સ્થાયી ભાવની રંગમંચીય અભિનયનિષ્ઠ મુર્તતા પ્રતિપાદિત કરી છે.

ભટ્ટ લોલ્લટ તથા શંકુકની વિચારણા ભરતમુનિની વિચારણાને મળતી આવે છે. તેમના ઉપર ધ્વનિવાદનો પ્રભાવ જોવા મળતો નથી. તેઓ 'વિભાવ' તત્વનું અસ્તિત્વ કેવળ પ્રમાતા-સાપેક્ષ માનતા નથી કે પ્રેક્ષકની આસ્વાદાવસ્થામાં તેના પરિવર્તિત અલૌકિક સ્વરુપની ચર્ચા કરતા નથી પણ નાટ્યના સંદર્ભમાંજ વિભાવના અસ્તિત્વ અને સ્વરુપની મીમાંસા કરે છે.

ઉપરોક્ત વિવરણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભરતમુનિએ વિભાવની લૌકિકતા તથા મંચગત ક્રિયાવ્યાપાર નિષ્ઠતાના આધારેજ 'વિભાવ' એ નવી સંજ્ઞા આપી છે અને હેતું, કારણ તથા નિમિત્તને તેના પર્યાય માન્યા છે. હેતું કારણ તથા નિમિત્ત કહેવાની જગ્યાએ વિભાવ કહેવામાં વિભાવની કાંઇ અલૌકિકતા રહેલી નથી.